# TAT પરીક્ષા પેપર લીક પ્રકરણમાં દિલ્હી કનેક્શન સામે આવ્યું



## કૌભાંડ છેડા દિલ્હી પહોંચ્યા : જિલ્લા એલસીબી પોલીસે ટ્રાન્સફર આધારે ટાટ (TAT) પેપર લીક કરનાર અને યુ.પી.ના ગૌતમબુદ્ધ નગરમાં સાયબર ક્રાઈમ હેઠળના ૩ આરોપીની અટક

મોડાસા, તા. ૨૨

ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલ ટાટ(છ) ની પરીક્ષાનું હિન્દી વિષયનું સેટ-૫ પેપર તા. ૨૯-૦૭-૨૦૧૮ના રોજ વોટ્સઅપના માધ્યમથી લીક થતા સમગ્ર ગુજરાતમાં ટાટની ભરતીમાં કૌભાંડ થયાનું બહાર આવતા ભારે હડકમ્પ મચ્યો હતો. સમગ્ર કૌભાંડ અરવલ્લી જિલ્લાનો એક શિક્ષક મુખ્ય સાગરીત હોવાનું બહાર આવતા પરીક્ષા નિયામક દ્વારા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા જીલ્લા પોલીસવડા મયુર પાટીલે સમગ્ર કેસની તપાસ જીલ્લા એલસીબી પોલીસને સોંપી હતી. મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ૯-૧૦-૨૦૧૮ના રોજ સંજીત ઉર્ફે બહરા ખજાનસિંહ દૈયા ઉં.વર્ષ-૩૦ (રહે,ખેડીમાના થાના, કુંડલી, સોનીપત, હરિયાણા) નવીન મહાવીર મલિક ઉં.વર્ષ-૩૩ (રહે, એ-૯૪ વિજય વિહાર રોહિણી ફેજ-૨, નોર્થ રોહિણી, દિલ્હી), વિક્રાંત વિજેન્દ્રસિંહ કુંડુ ઉં.વર્ષ-૩૦ (રહે, હેવા-થાના, છાપરોલી, જી-બાગપત, ઉત્તરપ્રદેશ) વિરુદ્ધ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર. નંબર ૦૦૭૮/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૪૦૯, ૪૨૦, ૪૦૬, ૧૨૦(બી), ૨૦૧, ૧૧૪ તથા આઈ.ટી. અધિનિયમન, ૨૦૦૦ની કલમ ૭૨, ૭૨(એ), ૮૪(બી), ૮૪(સી), ૮૫ મુજબ ફરિયાદ નોંધાતા જીલ્લા એલ.સી.બી. પોલીસે સઘન તપાસ હાથ ધરી ગૌતમ બુદ્ધનગર, યુ.પી. સાયબર ક્રાઈમ હેઠળ ગુન્હામાં અટક કરેલા અને નુસકર(નોઈડા) સબજેલમાં રહેલા ત્રણે આરોપીઓને ટ્રાન્ફર વોરંટના આધારે જીલ્લા એલ.સી.બી. પી.આઈ. નાગજી રબારી અને તેમની ટીમે અટક કરી અરવલ્લી જીલ્લા પોલીસવડા કચેરી લવાયા હતા અને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

ગુજરાત રાજ્ય સરકારમાં વિવિધ સરકારી ભરતીમાં ભારે ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાની અનેક બૂમરાણો વચ્ચે ૨૯ જુલાઈના રોજ માધ્યમિક સ્કૂલમાં શિક્ષકોની ભરતી માટે યોગ્યતા કસોટી લેવાઈ હતી જેમાં અરવલ્લી જીલ્લાના એક શિક્ષક અન્ય બે વ્યક્તિઓ સાથે મળી અને આ કૌભાંડમાં ખેડા જીલ્લાના શિક્ષણ સાથે સાંકળયેલા શિક્ષણ માફિયાઓ પણ સાંકળયેલા હોવાની સાથે પરીક્ષાની આગલી રાત્રીએ કોબા નજીકની એક હોટલમાં પરીક્ષાર્થી દીઠ ૫ થી ૭ લાખ રૂપિયા લેવાયા હોવાના અને પેપર સોલ્વ કરાવવામાં આવ્યા હોવાનો સનસનાટી ભર્યા આક્ષેપ સાથે રાજ્ય પરીક્ષા બોર્ડમાં લેખિત ફરિયાદ કરતા અરવલ્લી જીલ્લામાં હડકંપ મચ્યો છે. અરવલ્લી જિલ્લામાંથી મોટેપાયે આ શખ્સે નોકરીની લાલચે કરોડો રૂપિયા ખંખેરી લીધા હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું. શિક્ષણ માફિયાના સંપર્કમાં રહેલા કે પછી નોકરી મેળવવા લાખ્ખો રૂપિયા આપનાર ઉમેદવારો અને પરિવારજનો સહીત વચોટિયાઓમાં ભૂકંપ સર્જાયો હતો ત્યારે આ કૌભાંડના મૂળિયા કેટલે સુધી પહોંચ્યા છે તે આગામી સમયમાં જોવું રહ્યું.

# ધાનેરામાંથી શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપાયો

## ધાનેરામાં ભેળસેળિયા વેપારીઓ લોકોના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યા છે : જનઆક્રોશ

ધાનેરા, તા. ૨૨

ધાનેરામાંથી ધાનેરા મામલતદારની ટીમ દ્વારા શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા ભેળશેળીયા વેપારીઓમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

ધાનેરામાં આવેલી કેટલીક કરીયાણાની દુકાન ભેળસેળવાળી વસ્તુઓ વેચવાનો સીલસીલો યથાવત જોવા મળી રહ્યો છે. ભેળશેળિયા વેપારીઓ લોકોને જેવી તેવી વસ્તુઓ આપી લોકોના આરોગ્ય સાથે ભારે ચેડાં કરી રહ્યા છે. ત્યારે આજે ધાનેરા મામલતદારની ટીમને ખાનગી રાહે બાતમી મળતા ધાનેરા મામલતદારની ટીમ દ્વારા ધાનેરામાંથી શુભ પ્રીમિયમ નામના શંકાસ્પદ ઘીના ૫૦૦ એમએલના ૨૫ ડબ્બા અને ૨૦૦ એમએલના ૧૪ ડબ્બા સાથે ગાડીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ધાનેરાના ભેળશેળિયા વેપારીઓમાં ભારે ભય ફેલાયો છે. તો બીજી તરફ ધાનેરામાં ચોરે ને ચૌટે એકજ વાત સાંભળવા મળી રહી છે. ડીસાથી મોટા પ્રમાણમાં ભેળસેળવાળું ઘી અને તેલનો જથ્થો ધાનેરામાં આવી રહ્યો છે અને ધાનેરાના ભેળશેળિયા વેપારીઓ લોકોને આ શંકાસ્પદ વસ્તુઓ ખવડાવી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યા છે. ત્યારે ધાનેરાના લોકો ઈચ્છી રહ્યા છે કે તંત્ર દ્વારા ભેળશેળિયા વેપારીઓના દુકાનમાં અને ગોડાઉનમાં પણ દરોડા કરી તપાસ હાથ ધરે તો મોટા પ્રમાણમાં શંકાસ્પદ વસ્તુઓનો જથ્થો મળી આવે તેમ છે.




# ખેડબ્રહ્મામાં ડુપ્લીકેટ ઘી-તેલના વધતા કારોબાર સામે ભારે રોષ

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મા શહેરમાં દિવસે દિવસે વસ્તી વધી રહી છે. ગામડામાં રહેતાં વેપારીને ખરીદીનું મોટું સેન્ટર ખેડબ્રહ્મા શહેર નજીક છે. તાલુકા મથક પણ છે, જ્યાં મોટા ભાગના વનવાસી બંધુઓની વસ્તી છે. આ લોકોના વિસ્તારોમાં જગ જાહેર ડુપ્લીકેટ ઘી અને તેલનો મોટો કારોબાર થઈ રહ્યો છે. મોટા મોટા વેપારીઓ ફુડ એન્ડ ડ્રગ્જના અધીકારીઓની મિલી ભગતને કારણે બજારમાં કરોડોની કિંમતના ડુપ્લીકેટ ઘી-તેલનો ધીકતો ધંધો કારોબાર થઈ રહ્યો છે. શહેરમાં મોટા ભાગના વિસ્તારોમાં ડુપ્લીકેટ ઘીનું વેચાણ પેકીંગ કરી વેચવામાં આવે છે. આ બાબતે આરોગ્ય વિભાગ તેમજ ફુડ વિભાગમાંથી તપાસ કરવામાં આવે તો મોટા મોટા માથા આ ધંધા સાથે સંકળાયેલા છે તે બહાર આવે તેમ છે. આ બાબતે ઉપર સુધી અમારું સેંટીગ છે આવું એક વેપારીએ જણાવ્યું હતું.

આપ સૌને દીવાળીની ખુબ ખુબ શુભકામના સહ નૂતન વર્ષાભિનંદન...
ધી માલપુર નાગરિક સહકારી બેંક લી.
મુ. માલપુર, જી. અરવલ્લી
ચેરમેન
શ્રી જશુભાઈ શીવાભાઈ પટેલ
ચેરમેન - માલપુર તા.ખ.વે. સંઘ
ડીરેક્ટર - સા.કાં. બેંક
ચેરમેન - માલપુર માર્કેટ યાર્ડ
ચેરમેન - શિક્ષણ સમિતિ જિલ્લા પં. અરવલ્લી
મેનેજીંગ ડીરેક્ટરશ્રી
શ્રી રોહિતકુમાર ડી. પંડ્યા
મેનેજર
વસંતકુમાર એન. મહેતા
ડીરેક્ટરશ્રી
શ્રી યોગેશકુમાર એચ. પંડ્યા — શ્રીમતિ રીટાબેન એમ. પટેલ
શ્રી કરસનભાઈ પી. પટેલ — શ્રીમતિ મિનલબેન એસ. ગોર
શ્રી જીજ્ઞેશકુમાર બી. ભટ્ટ — શ્રી નરેશભાઈ જે. પંડ્યા
શ્રી કનકસલિં આર. રાઠોડ — શ્રી વિક્રમરાય એ. ગોર
શ્રી સુમંતકુમાર એન. મહેતા — શ્રી જેઠાભાઈ ડી. પટેલ
શ્રી ભૂપતસિંહ ટી. સિસોદીયા — શ્રી દિપકસિંહ જે. જાદવ
શ્રી દલસુખભાઈ જે. પટેલ — શ્રી જશવંતસિંહ એસ. ગોહિલ
જયકરકુમાર એ. કોઠારી - એકાઉન્ટન્ટ
૧. નવી કારલોન ૧૦.૫૦% ના વ્યાજદર દરે આપવામાં આવશે.
૨. વિજળી બીલ (લાઈટ બીલ) સ્વીકારવામાં આવશે.
૩. ૫ વર્ષની ડીપોઝીટના વ્યાજ દર ૮.૫૦ %


ધી નવાઘરાં (ઉમે.) મહિલા દૂધ ઉત્પાદક સ.મં.લી.
મુ.નવાંઘરાં (ઉમે.), પો.દધાલીયા, તા.મોડાસા, જી.અરવલ્લી.
ચેરમેનશ્રી : શ્રીમતિ ચૌહાણ સુધાબેન લાલસિંહ
વા.ચેરમેનશ્રી : શ્રીમતી ચૌહાણ ગજરાબેન વિનુસિંહ
સેક્રેટરીશ્રી : શ્રી ચૌહાણ આલુસિંહ સોમસિંહ
વ્ય.ક.સભ્ય
શ્રીમતી ચૌહાણ ભાવનાબેન સુરેશકુમાર — શ્રીમતી ચાવડા બૈજીબેન કનુસિંહ
શ્રીમતી ચાવડા સેવનબેન રામસિંહ — શ્રીમતી ચૌહાણ તખુબેન ભવાનસિંહ
શ્રીમતી ચૌહાણ સૂર્યાબેન દીપસિંહ — શ્રીમતી ડામોર લખુબેન રતનસિંહ
શ્રીમતી ચૌહાણ અમરતીબેન બળવંતસિંહ — શ્રીમતી તરાર ભુરીબેન ભલસિંહ
શ્રીમતી ચૌહાણ મંજુલાબેન ધીરસિંહ
આપ સૌને દિવાળીની ખૂબ ખૂબ શુભકામનાઓ.....
અને નવુ સાલ મુબારક

શુભેચ્છા સહ..
શ્રીનાથ કો.ઓપરેટીવ સોસાયટી લી., મોડાસા.
૧૦૧, ખડાયતા શોપીંગ સેન્ટર, સ્ટેશન રોડ, મોડાસા, જી.અરવલ્લી.ફોન નં. ૦૨૭૭૪-૨૪૪૯૫૩

| | | | |
|---|---|---|---|
| સુરેન્દ્રભાઈ જે. શાહ | ચેરમેન | ભરતભાઈ એમ.શાહ | ડીરેક્ટર |
| ડૉ.મુકેશભાઈ આર. શાહ | વા.ચેરમેન | કલ્પેશભાઈ એમ.શાહ | ડીરેક્ટર |
| પરેશભાઈ બી. મહેતા | મે.ડીરેક્ટર | ગિરીશભાઈ પી. શાહ | ડીરેક્ટર |
| વિરેનભાઈ એચ. શાહ | મે.ડીરેક્ટર | રાકેશભાઈ સી. મહેતા | ડીરેક્ટર |
| અરવિંદભાઈ જે. મોદી | એડવાઈઝર | ડૉ.મુકેશભાઈ કે. શાહ | ડીરેક્ટર |
| બિપીનભાઈ સી. શાહ | ડીરેક્ટર | શિલ્પાબેન વી. શાહ | ડીરેક્ટર |
| સચિનભાઈ એસ.શાહ | ડીરેક્ટર | રિમ્પલબેન જી. શાહ | ડીરેક્ટર |
| નિખિલભાઈ એસ. શાહ | ડીરેક્ટર | નવિનચંદ્ર આર. મોદી | (લીગ એડ.) |
| નિલેશભાઈ ઓ. શાહ | ડીરેક્ટર | કિરીટભાઈ કે. શાહ | આંત.ઓડીટર |
| | | પ્રકાશચંદ્ર કે. શાહ | મેનેજર |

સને ૨૦૧૭-૧૮ (૩૧-૦૩-૧૮) — શેર ભંડો : રૂા.૭,૯૬,૦૦૦/-
રિઝર્વ તથા અન્ડ ફંડો: રૂા.૨,૩૬,૯૩,૩૫૧/- — થાપણો : રૂા.૧૫,૫૭,૦૨,૯૪૮/-
ધિરાણ : રૂા.૧૩,૨૯,૫૧,૯૮૦/- — નફો : રૂા.૪૮,૩૮,૮૪૩/-
આપ સૌને દિવાળીની ખૂબ ખૂબ શુભકામનાઓ અને નવુ સાલ મુબારક

નવા વર્ષની હાર્દિક શુભેચ્છા....
સબલપુર ગ્રૂપ ગ્રામ પંચાયત
સરપંચ : દક્ષાબેન કિરીટકુમાર પટેલ
ડે.સરપંચ : કાન્તીભાઈ લખાભાઈ ભરવાડ
તલાટી કમ મંત્રી : ગીરધરભાઈ સી. પંડયા
તથા કમિટીના તમામ સભ્યશ્રીઓ
મુ.સબલપુર, તા.મોડાસા, જી.અરવલ્લી

નૂતન વર્ષાભિનંદન
મોડાસા તાલુકાના પ્રજાજનોને દિપાવલી પર્વ અને નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ......
ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા
મોડાસા આઈકોનિક બસ પોર્ટ
Happy Diwali
શુભદિપાવલી

: ડેવલોપર્સ :
ALAP CONSTRUCTION PVT. LTD MEHSANA
VYAPTI GROUP વંદેમાતરમ્ AHMEDABAD
NILA INFRASTRUCTURES LIMITED

SABAR DAIRY
સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
સાબરડેરી, સબ પોસ્ટ: બોરીયા, હિંમતનગર-૩૮૩૦૦૬
સાબરડેરીના આધુનિક પ્લાન્ટમાં પેક થયેલ પેશ્ચ્યુરાઈઝ્ડ (જંતુ રહિત) દૂધ અને છાશ વાપરવાનો હંમેશા આગ્રહ રાખો
- અમુલ દૂધ - અમુલ ગોલ્ડ (૬% ફેટ), અમુલ શક્તિ (૪.૫% ફેટ) - અમુલ તાઝા (૩% ફેટ)
- અમુલ છાશ - ગુણકારી તત્વોથી ભરપુર, - અમુલ ટેટ્રા પેક (તાઝા અને ગોલ્ડ)- છ માસ સુધી ફ્રીઝમાં રાખ્યા સિવાય પણ ઉપયોગમાંલઈ શકાય તેવું યુ.એચ.ટી. મિલ્ક
અમુલ સ્પ્રે (ઈન્ફન્ટ મીલ્ક દૂધ)
અમુલ સ્કીમ મીલ્ક પાવડર
અમુલ હોલ મીલ્ક પાવડર
અમૂલ્યા પાવડર( ટી વ્હાઈટનર)
સંપર્ક: ૦૨૭૭૨-૨૨૬૦૫૯ (ડાયરેક્ટર)
અમુલ ઘી, અમુલ બટર,
અમુલ છાશ, અમુલ કુલ,
અમુલ છાશ, અમુલ શ્રીખંડ ,
અમુલ માવો,
localmktg@sabardairy.coop
Amul વેચાણ વ્યવસ્થા અમુલ
ગુજરાત કો.ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ. અમુલડેરી રોડ, આણંદ ૩૮૮૦૦૧
ડો. બાબુભાઈ એમ. પટેલ — મેનેજીંગ ડીરેક્ટર
જેઠાભાઈ પી. પટેલ — પ્રમુખ- કસ્ટોડીયન કમિટી
સાબરડેરી : ફોન : ૦૨૭૭૨-૨૨૬૦૫૧ થી ૬૦
સાબરદાણ : ૨૨૬૦૬૧ E-mail:amul@sabardairy.com